GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

# વેદકાલીન સાહિત્યમાં રુદ્ર તત્ત્વની અભિવ્યક્તિ

DR.JITENDRASINH ,BHEMABHAI KHANT

**ભૂમિકા :-**

ભારતીય સંસ્કૃતિના પાયામાં બે મુખ્ય તત્ત્વો રહેલા છે: ધર્મ અને દર્શન. આપણી સંસ્કૃતિ આ ધર્મની ધરોહર પર પ્રતિષ્ઠિત છે. વૈદિક પરંપરામાં વિવિધ દેવતાઓની સ્તુતિ અને ઉપાસના પદ્ધતિઓ જોવા મળે છે, જેમાં શિવજીના રુદ્ર સ્વરૂપનું અત્યંત આકર્ષક આલેખન કરવામાં આવ્યું છે. પ્રસ્તુત લેખમાં આપણે વૈદિક સાહિત્યમાં વર્ણવાયેલા રુદ્રના પ્રારંભિક પાસાઓનો પરિચય મેળવીશું.

**રુદ્ર શબ્દની વ્યુત્પત્તિ :-**

**રુદ્ર** શબ્દનો ઉદ્ભવ **रुद् (રડવું)** ધાતુ પરથી થયો છે. શતપથ બ્રાહ્મણમાં રુદ્રની ઉત્પત્તિ વિશે એક કથા મળે છે. પ્રજાપતિએ જ્યારે સૃષ્ટિના સર્જનનો પ્રારંભ કર્યો, ત્યારે એક કુમાર પ્રગટ થયો અને જન્મતાની સાથે જ પોતાના નામકરણ માટે રડવા લાગ્યો. જન્મ સાથે જ આ રુદન ક્રિયા જોડાયેલી હોવાથી તે કુમારનું નામ **'રુદ્ર'** રાખવામાં આવ્યું. **यदरोदीत् तस्मात् रुद्र ।**[૧] આ જ પ્રમાણે, બૃહદારણ્યક ઉપનિષદમાં દસ ઇન્દ્રિયો અને મનને **'એકાદશ રુદ્ર'** તરીકે ઓળખાવવામાં આવ્યા છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**ते यदस्माच्च्हरिरान्मर्त्यादुत्क्रामन्ति अथ रोदयन्ति तद् यद् रोदयन्ति तस्मादुदा इति ।।**[२]

અર્થાત્, જ્યારે આ તત્ત્વો મર્ત્ય શરીરનો ત્યાગ કરીને બહાર નીકળી જાય છે, ત્યારે તે મૃતકના આત્મીય જનોને રડાવે છે. રડાવવાની આ શક્તિને કારણે તેમને **'રુદ્ર'** કહેવામાં આવે છે.

**પાશ્ચાત્ય મનીષીઓની દૃષ્ટિએ રુદ્ર :-**

પાશ્ચાત્ય વેદ-અભ્યાસુઓએ રુદ્રના પ્રાકૃતિક મૂળને શોધવા માટે ઘણો પરિશ્રમ કર્યો છે. ડૉ. વેબર રુદ્રને 'ઝંઝાવત કે વાવાઝોડાના દેવ' તરીકે સ્વીકારે છે. ડૉ. ઓલ્ડરના મતે, મૃત આત્માઓના અધિપતિને દેવત્વનું રૂપ આપીને રુદ્ર તરીકે સ્થાપિત કરવામાં આવ્યા છે, કારણ કે વેદમાં અનેક સ્થળે ઉલ્લેખ છે કે મૃતકોના આત્માઓ પવન સાથે ઊડીને ઉચ્ચ લોકમાં જાય છે. ડૉ. હિલેવાન્તનું માનવું છે કે તેઓ ગ્રીષ્મ ઋતુના દેવતા છે અને કોઈ વિશિષ્ટ નક્ષત્ર સાથે પણ તેમનો સંબંધ છે.[3]

**વેદોમાં રુદ્રનું નિરૂપણ :-**

ઋગ્વેદના પ્રથમ મંડળના ૧૨૪મા સૂક્ત, દ્વિતીય મંડળના ૩૩મા સૂક્ત અને સાતમા મંડળના ૪૬મા સૂક્તમાં રુદ્ર વિશેની ઋચાઓ પ્રાપ્ત થાય છે. આ સિવાય અન્ય દેવતાઓ સાથે રુદ્રનું નામ અંદાજે ૫૦ જેટલી વાર પ્રયોજાયું છે. યજુર્વેદની વિવિધ સંહિતાઓમાં

ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

થોડા તફાવત સાથે રુદ્રાધ્યાય જોવા મળે છે. શુક્લ યજુર્વેદનો ૧૬મો અધ્યાય **'રુદ્રાધ્યાય'** કે **'શતરુદ્રીય'** તરીકે જગવિખ્યાત છે. અથર્વવેદના ૧૧મા કાંડના બીજા સૂક્તમાં પણ રુદ્રદેવની ભાવપૂર્વક સ્તુતિ કરવામાં આવી છે.

રુદ્ર બળવાન હસ્ત અને બાહુઓ ધરાવે છે.[૪] તેમનું શરીર અત્યંત શક્તિશાળી અને તેજસ્વી છે. તેમના અધર (હોઠ) અત્યંત આકર્ષક છે. મસ્તક પર કેશનો જટાજૂટ ધારણ કરેલો હોવાથી તેઓ **'કપર્દી'** તરીકે ઓળખાય છે.[૫] તેમનો વર્ણ (રંગ) ભૂખરો છે અને આકૃતિ અત્યંત તેજસ્વી છે. તેમના શરીરના અંગો ચળકતા સુવર્ણ અલંકારોથી સુશોભિત છે અને તેઓ રથ પર બિરાજમાન થાય છે. યજુર્વેદ અનુસાર રુદ્રના મુખ, નેત્ર, ત્વચા, અંગ, ઉદર, જિહ્વા (જીભ) અને દંત પંક્તિનો વિશેષ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[૬] તેઓ સહસ્ત્ર નેત્રો ધરાવે છે, તેમની ગરદનનો રંગ નીલો છે, પરંતુ તેમનો કંઠ ઉજ્જવળ છે: **नमो नीभग्रीवाय च शितिकण्ठाय च ।।**[૭] તેમના મસ્તક પર જટાજૂટનું વર્ણન પણ મળે છે, જેમના કેશ રક્ત અથવા નીલ વર્ણના છે. તેઓ મસ્તક પર પાઘડી ધારણ કરનારા અને કપિલ વર્ણના છે. ઋગ્વેદમાં રુદ્રને પરાક્રમી બતાવ્યા છે. તેઓ સ્વર્ગલોકના રક્તવર્ણ (અરુષ) વરાહ સમાન છે.[૮] તેઓ સર્વશ્રેષ્ઠ વૃષભ (બળદ) અને સદા યુવાન (તરુણ) છે; તેમનું આ તારુણ્ય ચિરકાલીન છે. તેઓ શૂરવીરોના

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

અધિપતિ છે. જેઓ તેમની અવગણના કરે છે તેમનો તેઓ વિનાશ કરે છે, પરંતુ પોતાના ઉપાસકો માટે તેઓ અત્યંત કલ્યાણકારી છે, તેથી જ તેઓ **'શિવ'** નામથી પણ ઓળખાય છે. રુદ્ર એ મરુતોના પિતા છે.[૯] આ વિષયમાં ષડગુરુ-શિષ્યએ **'સર્વાનુક્રમણી'** ની **'વેદાર્થદીપિકા'** માં એક રોચક આખ્યાન આપ્યું છે. આ જ પ્રસંગને ટાંકીને દ્વિવેદે **'નીતિમંજરી'**માં આ ઉપદેશ આપ્યો છે-

**दष्ट्वा परव्यथां संत उपकुर्वन्ति लीलया ।**

**दितेर्गर्भव्थां हत्वा रुद्रोऽभून्मरुतां पता ।।**

રુદ્રની સ્તુતિનો મંત્ર સુપ્રસિદ્ધ છે, જે નીચે મુજબ છે:

**त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्तिवर्धनम् ।**

**उर्वारीकमिव बन्धनान्मृत्योर्मुक्षीय माऽमृतात् ।।**[૧૦]

ભાષ્યકારોએ **'त्र्यम्बक'** નો અર્થ **'ત્રણ નેત્રવાળા'** એવો કર્યો છે. વૈદિક કાળ પછી રુદ્રની પત્ની માટે વપરાતો **'अम्बिका'** શબ્દ સૌપ્રથમ વાજસનેયી સંહિતામાં જોવા મળે છે, પરંતુ ત્યાં આ નામ તેમની ભગિની (બહેન) માટે પ્રયોજાયેલું હોવાનું જણાય છે:

**एष ते रुद्र भागः सह स्वस्राऽम्बिकया ।**

**त्वं जुषष्व स्वाहैष ते रुद्र भाग आखुस्ते पशुः ।।**[૧૧]

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

રુદ્રની પત્ની માટે **'પાર્વતી'** નામ તૈત્તિરીય આરણ્યકમાં અને **'ઉમા હૈમવતી'** નામ કેનોપનિષદમાં જોવા મળે છે.

અથર્વવેદમાં રુદ્રનું એવું વર્ણન છે જેમાં તેઓ જગતના તમામ પદાર્થોના સ્વામી છે. તેઓ અન્ન, ખેતર અને વનોના અધિપતિ છે. અથર્વવેદમાં રુદ્રના નામોમાં **ભવ, શર્વ, પશુપતિ તથા ભૂતપતિ** દર્શાવવામાં આવ્યા છે.[૧૨] 'પશુપતિ'નો અર્થ માત્ર પશુઓ પરનું આધિપત્ય એટલો જ નથી, પરંતુ **'પશુ'** અંતર્ગત મનુષ્યોની ગણતરી પણ અથર્વવેદમાં માન્ય છે:

**तवेमे पञ्ज पशवो विभक्ता गावो अश्वाः पुरुषा अजावयः ।।**[१३]

રુદ્રનો નિવાસ માત્ર અગ્નિ, જળ, ઔષધિઓ કે લતાઓમાં જ નથી, પરંતુ તેમણે જ આ તમામ ભુવનોની રચના કરીને તેમને સમૃદ્ધ બનાવ્યા છે:

**यो आग्नौ रुद्रो य अप्स्वन्त यं औषधिर्वारुध आ विवेश ।**

**य इमा विश्र्वाभूवनानिचाक्लृरो तस्मै रुद्राय नमो अस्त्वग्नये ।।**[१४]

આ રીતે વૈદિક સાહિત્યમાં રુદ્રની મહત્તા પ્રતિપાદિત થાય છે.

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

**ઉપસંહાર :-**

મોક્ષ નામના ચતુર્થ પુરુષાર્થને પ્રત્યેક મનુષ્યે સાર્થક કરવો જોઈએ, જેથી આ સંસારચક્રમાંથી મુક્તિ મેળવીને જીવ 'શિવ' તત્ત્વને પ્રાપ્ત કરી શકે. અર્થાત્, જીવનના પરમ લક્ષ્ય એવા મોક્ષની પ્રાપ્તિ માટે શિવની ઉપાસના અત્યંત અનિવાર્ય છે.

**સંદર્ભ સૂચિ**

૧. શતપથ બ્રાહ્મણ - ૬/૧/3/૮

૨. બૃહદારણ્યક ઉપનિષદ - 3/૯/૪

3. પાશ્ચાત્ય વેદ મીમાંસા

૪. ઋગ્વેદ - ૨/33/૭

૫. ઋગ્વેદ - ૧/૧૧૪/૧

૬. યજુર્વેદ - ૧૬મો અધ્યાય - રુદ્રાધ્યાય

૭. શુક્લ યજુર્વેદ - ૧૬/૭

૮. ઋગ્વેદ - ૧/૧૧૪/૫)

૯. ઋગ્વેદ - ૨/33/૧)

GYANBODH
An International Multidisciplinary Peer Reviewed Journal
ISSN:3048-9792
Volume: 3
Issue: 4
July - August: 2026

૧૦. ઋગ્વેદ - ૭/૫૯/૧૨, યજુર્વેદ - ૩/૬૦

૧૧. વાજસનેયી સંહિતા - ૩/૫૭

૧૨. અથર્વવેદ - ૧૧/૨/૧

૧૩. અથર્વવેદ - ૧૧/૨/૯

૧૪. અથર્વવેદ - ૭/૮૭/૧